ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક R.N.I. No. GUJGUJ/2014/58245 Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૨૦ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૦૧-૧૨-૨૦૧૭ શુક્રવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

## આર્યજગતનાં દાર્શનિક વિદ્વાન અને ઓજસ્વી વક્તા આચાર્ય જ્ઞાનેશ્વરજીનું પાર્થીવ શરીર પંચમહાભૂતોમાં વિલિન







વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડનાં મેનેજીંગ ટ્રસ્ટી અને આર્યજગતનાં સુપ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાન આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં દેહાવસાન બાદ તેમની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓજસ્વી વક્તા અને વૈદિક ધર્મની રક્ષા અને પ્રચાર-પ્રસાર માટે દૃઢતાપૂર્વક કાર્ય કરનાર અને અનેક આર્યસમાજો, સંસ્થાઓ અને હજારો ધર્મપ્રેમીઓનાં પ્રેરણાસ્રોત આચાર્ય જ્ઞાનેશ્વરજીની શ્રદ્ધાંજલિ સભામાં દેશભરનાં વિવિધ રાજ્યોમાંથી અનેક લોકો ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્યત્વે ગુજરાત અને દેશભરની અનેક આર્યસમાજનાં પદાધિકારીગણ, સાર્વદેશિક સભાનાં પદાધિકારીગણ, વિવિધ પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનાં પદાધિકારીગણ, પતંજલિ યોગપીઠ અને અનેક સામાજિક સંસ્થાઓનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સૌએ આચાર્યજીનાં આકસ્મિક નિધન ઉપર દુઃખ વ્યક્ત કરી આર્યજગતને ખૂબ મોટી ખોટ પડી હોવાનું જણાવ્યું હતું. આચાર્યજીનાં ગુરૂ અને આર્યજગતનાં લબ્ધપ્રતિષ્ઠિત દાર્શનિક યોગનિષ્ઠ સંન્યાસી સ્વામી સત્યપતિજીએ આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં અનેક ગુણો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. સ્વામી સત્યપતિજીએ




આશ્રમનાં સંચાલન માટે આચાર્ય સત્યજિત્જીના નામની ઘોષણા કરી હતી. વાનપ્રસ્થ સાધક આશ્રમનાં સચિવ સ્વામી મુક્તાનંદજીએ સભામાં એ વાતની સ્પષ્ટતા કરી હતી કે ટ્રસ્ટની બેઠકમાં આચાર્ય સત્યજિત્જીની સર્વસંમતિથી વાનપ્રસ્થ સાધક આશ્રમનાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આચાર્ય સત્યજિત્જીએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે હું અન્ય કાર્યોમાં વ્યસ્ત છું. મારી ભવિષ્યની યોજના કાંઈક જુદી જ છે. એટલા માટે જ મેં અજમેર સ્થિત પરોપકારી સભામાંથી પણ નિવૃત્તિની તારીખ નક્કી કરી દીધી હતી. પરંતુ આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં આકસ્મિક નિધનથી નવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સૌએ મારા ઉપર વિશ્વાસ રાખી મને આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં કાર્યોને આગળ ધપાવવાની જવાબદારી સોંપી છે તો હું તે જવાબદારી પૂરી શક્તિ અને નિષ્ઠાથી નિભાવીશ તેવી સૌને ખાતરી આપું છું.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ તરફથી તથા સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા તરફથી આચાર્ય સત્યજિત્જીને વાનપ્રસ્થ સાધક આશ્રમનાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવાઓ પ્રદાન કરવા અનુમતિ આપી તે બદલ તેમનો આભાર માની તેમનું જાહેર સન્માન કરી તેમને શુભકામનાઓ પાઠવી હતી.

દર્શન યોગ મહાવિદ્યાલયનાં નિદેશક અને આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં સહપાઠી અને વર્ષો સુધી સાથે દર્શન યોગ મહાવિદ્યાલયનું સંચાલન કરનારા સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકે આચાર્ય જ્ઞાનેશ્વરજીમાં અનેક સદ્ગુણો હોવાનું જણાવી તેમણે તેમાંથી કોઈ એક સદ્ગુણને પોતાના જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવો એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાશે તેમ કહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી મુક્તાનંદજીએ કર્યું હતું.



**વાનપ્રસ્થ સાધક આશ્રમનાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે આચાર્ય સત્યજિત્જીની સર્વાનુમતે વરણી કરવામાં આવી. હવે આશ્રમનું સંચાલન આચાર્ય સત્યજિત્જી કરશે.**

# જ્યાં અધ્યયન-અધ્યાપન ચાલે છે, ત્યાં એ ક્ષમાની ભાવના ન હોવી જોઈએ

**ભૂમિકા : દુનિયા જોઈને મેં આ શીખ્યું છે કે સફળતાનો રસ્તો ભૂલોની વચ્ચે થઈને નીકળે છે. દરેક મનુષ્ય ક્યારેક જાણી જોઈને તો ક્યારેક અજાણતામાં ભૂલો કરે છે, કારણ કે મનુષ્ય અલ્પજ્ઞ છે. આચાર્યજીનાં શબ્દોમાં...**

**(૪૬) પ્રત્યેક વ્યક્તિથી ભૂલ થાય છે.**

એક વિષય અમારી સામે આવ્યો. સમસ્યાઓના સમાધાનનો એક જબરદસ્ત ઉપાય છે ક્ષમા કરવી. પ્રત્યેક વ્યક્તિથી ભૂલ, ત્રુટી અને દોષ થાય છે. અજ્ઞાન, શીઘ્રતા, આળસ, પ્રમાદ અને બૌદ્ધિક સ્તરના ઉંચા-નીચા હોવાથી સૌથી દોષ થાય છે, તેને ક્ષમા કરવી જોઈએ. સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે ક્ષમા ન કરવાને કારણે મનની અંદર જીવન પર્યંત ગાંઠ પડી જાય છે. તે ગ્રંથી મન-મસ્તિષ્કમાં બનેલી રહે છે.

**ભૂમિકા : ક્ષમા ક્યારે કરીએ ?**

**(૪૬) ક્ષમા તત્કાળ કરવી જોઈએ.**

અવસર આવ્યે ક્ષમા પ્રકટ થાય છે. ક્ષમા આજે કરવી જોઈએ, તત્કાળ કરવી જોઈએ. જો આપણે એક સપ્તાહ, એક મહિનો, એક વર્ષ પછી ક્ષમા કરીએ છીએ, તો તેની કાંઈ કિંમત રહેતી નથી. વિષયના સ્તરને વિચારીને અને પ્રભાવ (પરિણામ)ને જોઈને ક્ષમાનો પ્રયોગ કરવામાં આવે છે. જે લોકો ક્ષમાનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો જોઈએ તે જાણતા જ નથી તેઓ ક્ષમાનો પ્રયોગ કરીને ઈષ્ટને બદલે અનિષ્ટ કરી નાંખે છે. આનાથી પોતાની, પરિવારની, રાષ્ટ્રની, સમાજની અતિશય હાનિ થાય છે. ઉદાહરણ જોવું હોય તો પરિવારનાં બાળકોને જોઈ શકો છો. માતા-પિતા પોતાના બાળકો દ્વારા કરવામાં આવેલા કુકૃત્યોને, કુટેવોને, અધર્મયુક્ત વ્યવહારને, સામાજિક, રાષ્ટ્રીય હાનિ કરનારા અત્યંત હલકા કર્મોને સહન કરે છે. તેઓ તેમના પ્રત્યે ધૈર્ય ધારણ કરે છે. તેઓની કુટેવોનો પ્રતિકાર કરતાં નથી, તેઓને સજા કરતાં નથી, તેઓને દંડ દેતાં નથી. એ સમયે તેઓ એમ વિચારે છે કે અમે ક્ષમા કરી રહ્યાં છીએ. આ જ આચરણ અનિષ્ટનું કારણ બની જાય છે.



**સમસ્યા સમાધાન..**
**- આચાર્ય જ્ઞાનેશ્વરજી**
**અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન**

ક્ષમા ક્યારે કરવી જોઈએ ? ક્યા વિષયમાં આપણે ક્ષમા કરીએ, કેટલા સ્તર સુધી કરીએ, કોના પ્રતિ કરીએ? એ વિષયમાં સમસ્યાની સ્થિતિને જોઈને, વ્યક્તિને જોઈને, ઘટનાને જોઈને પૂરી તપાસ કર્યા પછી કરી શકાય છે. હરેક વ્યક્તિના પ્રતિ, કાર્યના પ્રતિ, હર વિષય પ્રતિ, હર સ્તર પ્રતિ ક્ષમા કરવામાં આવતી નથી.

**ભૂમિકા : લાડ-પ્યારથી પુત્ર અને શિષ્યની અવનતી અને ધાકધમકીથી ઉન્નતિ થાય છે. તેથી પુત્ર અને શિષ્યને દંડ દેવો જોઈએ. જો દંડ રાખવામાં ન આવે તો સંસારમાં જંગલરાજ આવી જાય. આ દંડ જ એક એવો છે, જે ઉદ્દંડ પ્રજાને નિયમ અનુસાર ચાલનાર બનાવે છે. ગુરૂની ધાકધમકીથી ઉત્તમ કાંઈ જ નથી. આચાર્યજી કહે છે...**

## અજ્ઞાન, શીઘ્રતા, આળસ, પ્રમાદ અને બૌદ્ધિક સ્તરના ઉંચા-નીચા હોવાથી સૌથી દોષ થાય છે, તેને ક્ષમા કરવી જોઈએ

**(૪૬) વિદ્યા-અધ્યયનમાં કરેલી ભૂલને ક્ષમા કરવામાં આવતી નથી.**

સામાન્યરીતે આપણે એમ કહીએ છીએ કે જે નાની-નાની ઘટનાઓ આપણી સામે આવે છે, જેવી કે કોઈએ આ કર્યું, કોઈએ તે કર્યું અને વ્યક્તિ આવી ઘટનાઓને સહન નથી કરતી. એ ઘણું હાનિકારક છે. પરંતુ જે વ્યક્તિને શીખવું છે, જેને શીખવવું છે, જ્યાં શિક્ષણ-પ્રશિક્ષણ ચાલે છે, જ્યાં અધ્યયન-અધ્યાપન ચાલે છે, ત્યાં એ ક્ષમાની ભાવના ન હોવી જોઈએ. કારણ કે ત્યાં એ ભાવના નુકશાન કરે છે. ત્યાં એ ક્ષમાની ભાવના નથી ચાલતી. ત્યાં અધ્યયનનાં દૃષ્ટિકોણથી દંડ દેવામાં આવે છે. ત્યાં ભૂલનું પ્રાયશ્ચિત કરાવવામાં આવે છે, સજા કરવામાં આવે છે જેથી સુધાર થાય અને એ પ્રકારની ભૂલો ફરીવાર ન થાય તે જોવામાં આવે છે.

(ક્રમશઃ)



**ARYA PRATINIDHI SABHA AMERICA**

*Congress of Arya Samaj Organizations in North America*
*Established in 1991*

www.aryasamaj.com | 347-770-2792| mahasammelan@gmail.com

**Executive Committee**

*President*
Vishrut Arya
404 954 0174
vishrut@aryasamaj.com

*General Secretary*
Bhuvnesh Khosla
248 525-9076
bhuvnesh@gmail.com

*Joint Secretary*
Vedabrat Etwaru
vedabrat@aol.com

*Treasurer*
Jethinder Abbi
914 393 8268
randjabbi@gmail.com

*Joint Treasurer*
Sati Gurdial
718 380 1105
aryasamajmails@aol.com

*Trustee*
Girish Khosla
248 703 1549
girish@aryasamaj.com

*Member-Emeritus*
Devinder Mahajan
713 494 5382
mahajandev@yahoo.com

*Past President (s)*

Dr. Ramesh Gupta
rameshamila@gmail.com

Shri Vijay Bhalla
x0bhalla@yahoo.com

*Conference Co-Chair (s)*

Dr. Devbala Ramanathan
devbalaramanathan@gmail.com

Mrs. Jyoti Gandhi
rajjyotigandhi@gmail.com

*Patrons*
Dr. Rajinder Gandhi
Pandit Ram Lall
Vinod Sethi
Dr. S. C. Soni

**ARYA PRATINIDHI SABHA AMERICA**
224 Florence, Troy, MI 48098, USA
www.aryasamaj.com
fb.com/VedicAmerica
info@aryasamaj.com

Nov 14th 2017

आचार्य ज्ञानेश्वर जी - विनम्र श्रद्धांजलि

विद्वत्शिरोमणि, आर्य समाज के विशिष्ट स्तम्भ, प्रखर एवं ओजस्वी वक्ता, आज के युवा विद्वानों के मार्ग दर्शक एवं प्रेरणा स्रोत, वैदिक विद्वान्, ईश्वर भक्त, याज्ञिक एवं कुशल प्रशासक, लेखक, वैदिक संस्कृति के संवाहक, वेद प्रचारक, योगस्थ, श्रद्धेय आचार्य ज्ञानेश्वर जी का आकस्मिक निधन स्तब्ध करने वाला और अविश्वसनीय है| विश्वास नहीं होता कि इतनी ऊर्जा से भरे हुए, मन-शरीर और वाणी से इतने सक्रिय आचार्य जी इतनी जल्दी आर्य जगत को आश्चर्यचकित छोड़ कर चले जाएंगे| यह क्षति संपूर्ण आर्य जगत के लिए अपूरणीय और विचलित कर देने वाली है| आचार्य जी का आधुनिक आर्य जगत को, अध्यात्म जगत को योगदान अतुलनीय है|

उत्तरी अमेरिका के आर्यजन और आर्य समाज संस्थाएं अत्यधिक सौभाग्यशाली रहे क्योंकि पिछले कुछ वर्षों में आचार्य जी का यहां आगमन होता रहा, और आचार्य जी के प्रवचनों, यज्ञों, योग शिविरों एवं पुस्तकों ने यहां के आर्य जगत में नव चेतना का संचार किया| आचार्य जी के जोशीले प्रेरणास्पद उपदेश, उनकी निश्छलता, उनकी स्पष्टवादिता अनायास ही अपना स्थायी प्रभाव जनमानस पर छोड़ जाते थे| यह हमारा दुर्भाग्य है कि हम भविष्य में उनकी इस ओजस्वी वाणी से लाभान्वित न हो सकेंगे|

परम पिता परमात्मा उनकी आत्मा को सद्गति प्रदान करें| आचार्य ज्ञानेश्वर जी के सन्मार्ग का आचरण करते हुए, वैदिक मार्ग पर आगे चलते जाना ही उस प्रेरणा पुरुष के लिए सच्ची और विनम्र श्रद्धांजलि होगी| आर्य प्रतिनिधि सभा अमेरिका, आचार्य जी को श्रद्धांजलि देते हुए, कृण्वन्तो विश्वमार्यम् के संकल्प को पुनः दोहराती है |

ओ३म् शान्तिः शान्तिः शान्तिः |

विश्रुत आर्य
प्रधान
vishrut@aryasamaj.com
404-954-0174

भुवनेश खोसला
महामंत्री
bhuvnesh@aryasamaj.com
248-525-9076

## વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો





વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ચાલતા મહાત્મા સત્યાનંદ મુંજાલ એલોપેથી અને આયુર્વેદિક ચિકિત્સાલય દ્વારા રોજડ નજીક આવેલ અમ્બાસર ગામની પ્રાથમિક શાળામાં નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી ચાલેલા આ કેમ્પનો પ્રારંભ આચાર્ય સંદિપજીનાં આશીર્વચનથી કરવામાં આવ્યો હતો. આચાર્ય સંદિપજીએ સ્વાસ્થ્યની સાથે આધ્યાત્મિકતા ધારણ કરવા પ્રેરણા આપી હતી.

લગભગ ૫૦ વ્યક્તિઓની શારીરિક તપાસ કરવામાં આવી હતી. જેમાં (અનુ. પાન-૩ ઉપર)

# વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રના સુનિર્માતા અને દિશાપ્રદાતા ગુરુ જ હોય છે



## ગુરુ ગૌરવ

- મહેન્દ્ર ગાંધી

**ગુરુ નિરંતર હિતોપદેશ કરી પોતે મન, વચન અને કર્મમાં એકરુપતા રાખી બાળકને શાબ્દિક જ્ઞાનની સાથોસાથ વ્યાવહારિક જીવનની શ્રેષ્ઠ શિક્ષા પ્રદાન કરે છે.**

મનુષ્યની શ્રેષ્ઠતા વિશેષ જ્ઞાનગ્રહણ શક્તિ અને વાક્શક્તિના કારણે છે. મનુષ્યની ઉત્પત્તિ સાથે જ સર્વપ્રથમ પરમપિતા પરમાત્માએ મનુષ્યના આલોક-પરલોકના કલ્યાણ તેમજ જડ-ચેતન જગત સાથે કુશળ વ્યવહારની સિદ્ધિ અર્થે વેદરુપી જ્ઞાન અત્યન્ત પવિત્ર ચાર ઋષિઓ દ્વારા પ્રકાશિત કર્યું. તેથી જ યોગદર્શનકાર અનુસાર **સ એષ પૂર્વેષામપિ ગુરુઃ** તે ઈશ્વર ગુરુઓનો પણ ગુરુ **પરમ ગુરુ** છે જેને કાળ પણ છેદી શકતો નથી. ઈશ્વરથી મહાન તો શું તેની તુલ્ય પણ કોઈ નથી. આથી જ મનુષ્યએ એક ઈશ્વરની ઉપાસના કરી વેદાનુસાર જીવન વ્યતિત કરવું જોઈએ.

ગુરુ શબ્દ વ્યાપક અને સાર્વભૌમ છે. **ગૃ** ધાતુથી ગુરુ શબ્દ સિદ્ધ થાય છે. **યો ધર્માન શબ્દાન્ ગૃણાત્યુપદિશતિ સ ગુરુઃ**. જે સત્યધર્મ પ્રતિપાદક, સકળ વિદ્યાયુક્ત વેદોનો ઉપદેશ કરનાર હોય તે ગુરુ છે. **ગુ** નામ છે અજ્ઞાન- અંધકારનું અને **રુ** નો અર્થ છે દૂર કરનાર. જે અજ્ઞાનને દૂર કરનાર છે તેને ગુરુ કહેવાય. શુક્રનીતિના અધ્યાય.૧ માં લખ્યું છે **હિતોપદેષ્ટાશિષ્યસ્ય** - સુવિદ્યાભ્યાસ તથા સદુપદેશોથી શિષ્યનો લોક અને પરલોક સુધરે છે. વેદોદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીના મંતવ્ય અનુસાર જે સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરાવે તેને **ગુરુ** કહેવાય. માતા, પિતા અને આચાર્ય ગુરુ છે, પરંતુ આચાર્ય બ્રહ્મચારીને વેદાદિ સત્‌વિદ્યાનું યથાર્થ દર્શન કરાવે છે તેથી આચાર્યને મુખ્ય ગુરુ કહેવાય છે.

આર્ષ શિક્ષા પદ્ધતિમાં ગુરુ અને શિષ્યનો સંબંધ ઘનિષ્ટ હોય છે. જેમ ગર્ભસ્થ બાળકની માતાની સાથે ઘનિષ્ટતા હોય છે. જેમ માતૃગર્ભમાં બાળકનું પાલન-પોષણ અને વિકાસ થાય છે તેમ ગુરુકુળ રુપી ગર્ભગૃહમાં બ્રહ્મચારીનું નિર્માણ થાય છે. ગુરુ પણ પ્રતિજ્ઞાબદ્ધ થઈ શિષ્યનું ચિત્ત અને હૃદય પોતાના હાથમાં લઈ તેના દિલ-દિમાગના નિર્માણના નિર્માણની જવાબદારી ઉપાડી લે છે અને શારીરિક, માનસિક અને આત્મિક અજ્ઞાનરુપી ત્રણ રાત્રિ સમાપ્ત કરે છે. ગુરુ નિરંતર હિતોપદેશ કરી પોતે મન, વચન અને કર્મમાં એકરુપતા રાખી બાળકને શાબ્દિક જ્ઞાનની સાથોસાથ વ્યાવહારિક જીવનની શ્રેષ્ઠ શિક્ષા પ્રદાન કરે છે.

વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રના સુનિર્માતા અને દિશાપ્રદાતા ગુરુ જ હોય છે. ગુરુ રાજાથી પણ મહાન અને પૂજ્ય છે. ચક્રવર્તી રાજાઓ પણ ગુરુના ચરણે નતમસ્તક થઈ સદૈવ તેમની આજ્ઞાપાલનમાં તત્પર રહેતાં હતાં. ધર્મશાસ્ત્રો કહે છે કે પરમાત્માની કૃપા વિના સદ્‌ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે. મનુષ્ય ગુરુ એને જ બનાવે જે બ્રહ્મ પર શ્રદ્ધા રાખતો હોય, જેનું આચરણ શુદ્ધ હોય. જે ધાર્મિક, જિતેન્દ્રિય અને વ્યાકરણશાસ્ત્ર પર અધિકાર ધરાવનાર હોય. મહામતિ ચાણક્ય કહે છે કે જે ગુરુ વિદ્યાથી હીન હોય તેને ત્વરિત ત્યજી દેવો જોઈએ, કારણકે તેમ ન કરવાથી અંતે પોતે દુઃખ અને અપયશ પ્રાપ્ત કરી પોતાનું અમૂલ્ય જીવન નિરર્થક ગુમાવી દે છે.

શિષ્યનું કર્તવ્ય અને કલ્યાણ એ જ છે કે તે સદાય સદ્‌ગુરુનું પ્રીતિપૂર્વક માન-સન્માન અને અભિવાદન કરે, નમ્રતાપૂર્વક સેવા કરી ગુરુને પ્રસન્ન રાખે. મન, વચન અને કર્મથી આજ્ઞાપાલન કરી નિરંતર પુરુષાર્થપૂર્વક વિદ્યાભ્યાસ કરે. સાચા વૈદિક ગુરુ બનાવી મનુષ્ય આયુ, યશ, ઐશ્વર્ય અને વેદાદિ જ્ઞાનનું ઉપાર્જન કરી મનુષ્યનું અંતિમ લક્ષ **અપવર્ગ** શીઘ્ર પ્રાપ્ત કરે એ જ જીવનનું સાર્થક્ય છે.

# આર્યસમાજ-અડાજણ, સુરતનાં દશમાં વાર્ષિકોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

સુરત

આર્યસમાજ-અડાજણ, સુરતનાં દશમાં વાર્ષિકોત્સવની ઉજવણી તાજેતરમાં સીંધી સમાજ ભવન-રામનગર ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ પંચકુંડીય મહાયજ્ઞથી શ્રી જગદીશ શાસ્ત્રીના બ્રહ્માપદે કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આર્યધર્મપ્રેમી સજ્જનો, માતૃશક્તિ, માનવસેવા ટ્રસ્ટની આશ્રમ શાળાના નવ યુવાનછાત્રો તથા બાળકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

આર્યસમાજનાં પ્રમુખ શ્રી નીતીનભાઈ શેઠ દ્વારા પ્રથમ સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આમંત્રિત મહેમાનોમાં સ્થાપક પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ વૈદ્ય, શ્રી ચેનભાઈ શાહ, યોગાચાર્ય શ્રી ઉમાશંકર આર્ય, શ્રી જેઠાનંદ ધનકાણી, શ્રી અનિલભાઈ પટેલ, શ્રી જ્ઞાનસ્વરૂપ ભટનાગર, શ્રી સુખદેવભાઈ સોની, શ્રી રમેશભાઈ દોંગા, શ્રી ઋતપ્રિય આર્ય તેમજ માનવ સેવા ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી છત્રશાલભાઈ પરમાર, સૌજપુર બોધાનાં શ્રી હરીરામ આર્ય, આર્યજગતનાં દક્ષિણ ગુજરાતનાં ભામાશા અને વેદ પ્રચાર માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરનાર સ્વ. જયદેવભાઈ આર્યનાં ધર્મપત્ની લીલાબા વગેરે તમામ શાલ ઓઢીડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનાં મુખ્ય વક્તા સ્વામી વિવેકાનંદજીએ પ્રથમ સત્રમાં ઉપસ્થિત જનસમુદાયને ઈશ્વર-જીવ-પ્રકૃતિનાં સાચા સ્વરૂપ વિશે અત્યંત સરળ ભાષામાં સમજ આપી હતી. વૈદિક ધર્મમાં ઈશ્વરને નિરાકાર, સર્વવ્યાપક, અનાદિ, અનંત, નિર્વિકાર, કર્મફળદાતા વગેરે અનેક પ્રકારનાં ગુણ-કર્મ-સ્વભાવવાળો કહ્યો છે. ઈશ્વર, જીવ તથા પ્રકૃતિ એ ત્રણેય તત્વોને વેદોમાં અનાદિ માનવામાં આવ્યા છે. આ માન્યતા વિજ્ઞાન સંમત પણ છે. બીજા સત્રમાં સ્વામીજીએ શંકાઓનું સમાધાન કર્યું હતું. મુખ્ય રૂપે ઈશ્વરનાં વિષયમાં લોકોની અનેક શંકાઓનું તાર્કિક અને શાસ્ત્રોક સમાધાન રજુ કરી લોકોમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસને દૃઢ કર્યો હતો. ઈશ્વર પ્રત્યેની ભ્રામક માન્યતાઓથી લોકો મુક્ત થયા અને ખરેખર કાંઈક નવું અને ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કર્યાનો નવા શ્રોતાઓમાં સંતોષ જોવા મળતો હતો. આમ આ વાર્ષિકોત્સવ સાચા અર્થમાં વૈદિક ધર્મને જન-જન સુધી લઈ જવામાં વૈદિક માન્યતાઓથી લોકોને માહિતગાર કરવામાં



સફળ રહ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નયનાબહેન શેઠ અને શ્રી જીતેન્દ્રભાઈ માળીએ કર્યું હતું. વર્ષ ૨૦૦૭માં આર્યસમાજ-અડાજણની સ્થાપનાથી લઈને અત્યાર સુધી પોતાનું કોઈ ભવન ન હોવા છતાં કઈ રીતે સોળ સંસ્કારો કરાવવામાં આવે છે અને પુસ્તક મેળાઓમાં સ્ટોલ રાખી કઈ રીતે વૈદિક વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે તેની માહિતી આપી હતી. કાર્યક્રમનાં અંતે મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ માળીએ આભારવિધિ કરી હતી. અંતમાં સ્વરૂચિ ભોજન સાથે સૌ છૂટા પડ્યા હતા.

### વૈદિક પરિવાર..... (પાન-૪નું શેષ)

ગાંધી, શાળાનાં આચાર્યા શ્રીમતી બી. આર. વૈષ્ણવ, શિક્ષકગણ અને ૯૭ જેટલી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

કાર્યક્રમનાં અંતમાં શાળાના આચાર્યા શ્રીમતી બી. આર. વૈષ્ણવે જ્ઞાનવર્ધક કાર્યક્રમનાં આયોજન બદલ વૈદિક પરિવાર, ગાંધીનગરનો આભાર માન્યો હતો.

### વાનપ્રસ્થ સાધક... (પાન-૨નું શેષ)

ડાયાબીટીસ, બી.પી. અને સામાન્ય સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ડૉ. રાહુલભાઈ તથા ડૉ. હેતલબહેને સેવાઓ આપી હતી. તેમના સહયોગી તરીકે શ્રી નિકુંજભાઈ, શ્રી અંકિતભાઈ અને સુશ્રી દેવાંગીબહેને સેવાઓ પ્રદાન કરી હતી.

શાળાના આચાર્ય અને કાર્યકર્તાઓને આશ્રમ તરફથી વૈદિક પુસ્તકો ભેટ આપવામાં આવી હતી.

## સ્મરણાંજલિ



એ રાત્રિના નવ કલાકે
મારા બારણે ટકોરા પડ્યા
આગમન થયું
આચાર્ય જ્ઞાનેશ્વરનું
એક કલાક ચાલી જ્ઞાન ગોષ્ઠી
બની રહ્યું એ અંતિમ મિલન !
કારણ કે -
હે વિધાતા !
હે કાલદેવતા !!
તું બન્યો ક્રુર,
તારી તમોનિશા-રાત્રિ
મધ્યકાળે
અંધકારના ઓળા ઓકતી
વેરણ બની
જ્ઞાનના ઈશ્વરને
આચાર્ય જ્ઞાનેશ્વરને
તેની ગોદમાં છૂપાવી ગઈ
એ હતો -
સત્યપતિના જ્ઞાનગર્ભમાં ઉછરેલો
ભીષ્મની અડગ પ્રતિજ્ઞાથી પોષાયેલો
હનુમાનની પાવન સેવાથી પંકાયેલો
દયાનંદના દિવ્ય તેજથી તપેલો
તપસ્વી જ્ઞાનેશ્વર !
અલખનો અવધૂત
જોગંદર મોક્ષધાનો
યોગવારસ -
સનાતન યોગીકુળનો
અનુજ -
શ્રેષ્ઠ આર્ષદ્રષ્ટાઓનો
દાયનંદી દ્દષ્ટિનો
યોગીન્દ્ર જ્ઞાનેશ્વર !
ઓ આચાર્યપ્રવર !
ઝંઝોળું ત્રણ દશકના
સંસ્મરણોને,
શબ્દો ખૂટે,
ક્યાં અટકું,
પરંતુ -
સ્મરણાંજલિ અર્પુ -
મુજ ઉરે ઉછળતી
શ્રદ્ધાના શ્રાદ્ધથી
મેરે પ્યારે યોગીન્દ્ર !
હદયે રમતા તર્પણથી,
ઓ મારા જ્ઞાનેશ્વર !
તુજ ચરણોમાં અર્ધ્યથી
સ્વીકારજે આ -
અંતિમ સ્નેહભરી અંજલિ..!

- દયાલ મુનિ આર્ય

# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે ઝોનલ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું






**આણંદ**

આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રચારયાત્રા દરમ્યાન પોતાની જન્મભૂમિ ગુજરાતમાં પદાર્પણ કરેલા તેની ૧૪૨ મી વર્ષગાંઠ નિમિત્તે ઝોનલ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૨૫મી નવેમ્બરનાં રોજ ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સ્પર્ધાનાં બે વિષયો રાખવામાં આવ્યા હતા. જેમાં એક વિષય માનવ સંગઠનના ઉપાયો અને બીજો વિષય આદર્શ પરિવાર રાખવામાં આવ્યો હતો.

આણંદ તથા ખેડા જિલ્લાના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ, ઉમરેઠની વિદ્યાર્થીની કુ. આરતી સેનીમા, દ્વિતીય નંબરે વિઝન સ્કુલ ઓફ સાયન્સ-નડિયાદની વિદ્યાર્થીની ઝબીન મન્સુરી અને તૃતીય સ્થાને ગર્લ્સ ઈન્સ્ટીટયુટ ઉમરેઠની કુ. મુલકામબાનુ મલેક વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધામાં ચરોતર પ્રદેશ આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા, સહમંત્રી શ્રી ચંદુભાઈ પરમાર તથા પુસ્તકાધ્યક્ષ શ્રી રાજેન્દ્રસિંહ રાજ અને અંતરંગ સદસ્યોની સાથે આર્યસમાજનાં શ્રી દિનેશભાઈ આર્ય પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરનાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો તથા વૈદિક પુસ્તકોની સાથે ઓફીસ બેગ આપવામાં આવી હતી.

# વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા સરગાસણ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ધ્યાન વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું






વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા ગાંધીનગરનાં સરગાસણ સ્થિત વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચાલતી આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ધ્યાનનાં ક્રિયાત્મક અભ્યાસ અને ધ્યાન શા માટે અને કોનું કરવું જોઈએ એ વિષય ઉપર એક કાર્યક્રમ યોજાઈ ગયો.

સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા વિદ્યાર્થીનીઓને ધ્યાન કોનું કરવું જોઈએ એ બાબતે સમજાવતાં કહ્યું હતું કે ઈશ્વર આ જગતનો નિર્માતા છે, ઈશ્વર જ મુખ્યરૂપે જીવાત્માના કર્મફળનો દાતા છે. વેદોમાં વર્ણિત નિરાકાર, સર્વવ્યાપક અને ન્યાયકારી ઈશ્વરની જ ઉપાસના કરવી જોઈએ.


તેમણે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ વિશે વિસ્તારથી સમજ આપી હતી. પુનર્જન્મ વિશે પણ વિદ્યાર્થીનીઓને તાર્કિક રીતે સમજાવી આ જન્મમાં સારા કર્મો કરવા અને ખરાબ કર્મોનો ત્યાગ કરવા સંકલ્પ લેવડાવ્યા હતા.

તેમણે વિદ્યાર્થીનીઓને નિરાકાર ઈશ્વરનું ક્રિયાત્મકરૂપે ધ્યાન કરતાં શીખવાડ્યું હતું. વિદ્યાર્થીનીઓએ ઈશ્વરનાં ગુણોને આધારે તેનું ધ્યાન કર્યું હતું.

આ કાર્યક્રમનાં પ્રારંભમાં વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ ધ્યાનનાં મહત્વ વિશે ટૂંકમાં સમજાવ્યા પછી સ્વામીજીનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ

(અનુ. પાન-૩ ઉપર)

# દૈનિક ભાસ્કર ગૃપના મેનેજીંગ એડિટર અને વૈદિક ધર્મી શ્રી જગદીશ શર્માનાં પિતા શ્રી રામરતનજીનું દેહાવસાન



દેશભરની આર્ય સંસ્થાઓ સાથે સતત સંપર્કમાં રહેતા દૈનિક ભાસ્કર ગૃપનાં મેનેજીંગ એડિટર અને વૈદિક ધર્મનાં પ્રખર હિમાયતી શ્રી જગદીશ શર્માને સંસ્કારોનું સિંચન કરનાર તેમના પિતા શ્રી રામરતનજી શર્માનું ગત ૧૮મી નવેમ્બરનાં રોજ દેહાવસાન થઈ ગયું. તેમની અંત્યેષ્ઠી તેમના પૈતૃક નિવાસસ્થાન મધ્ય પ્રદેશનાં રાજગઢ જિલ્લાનાં જીરાપુર ગામે વૈદિક પદ્ધતિથી કરવામાં આવી હતી.

૨૦મી નવેમ્બરે તેમના પૈતૃક ગામે તથા ૨૨મી નવેમ્બરે શ્રી જગદીશ શર્માનાં જયપુર સ્થિત નિવાસસ્થાને ઉઠમણું રાખવામાં આવ્યું હતું. ઉઠમણા વખતે વૈદિક ભજન અને કુરૂક્ષેત્રથી પધારેલા સ્વામી સંપૂર્ણાનંદજીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શ્રી રામરતનજી શર્માની સ્મૃતિમાં તેમના મધ્ય પ્રદેશ સ્થિત નિવાસસ્થાને ગત ૨૮ થી ૩૦ નવેમ્બર દરમ્યાન ચતુર્વેદ પારાયણ યજ્ઞ અને સ્વામી સંપૂર્ણાનંદજીના વેદોપદેશનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021